# <u>પ્રજાસત્તાક દિનની ઉજવણી</u>

આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ દ્વારા ૭૨માં પ્રજાસત્તાક દિનની ઉજવણી તા.૨૬/૦૧/૨૦૨૧ ના રોજ સવારે ૮.૩૦ કલાકે યુનિવર્સિટી ભવન ખાતે માન. કુલપતિશ્રી ડૉ. આર.વી. વ્યાસના વરદ હસ્તે ધ્વજ ફરકાવી કરવામાં આવેલ. આ રાષ્ટ્રીય પર્વની ઉજવણીમાં પ્રવર્તમાન નોવેલ કોરોના વાઈરસ (કોવીડ-૧૯) ની પરિસ્થિતિમાં ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલ માર્ગદર્શક સુચનાઓનું પાલન કરીને યુનિવર્સિટીના સર્વે અધિકારીશ્રીઓ, ડીનશ્રીઓ, મર્યાદિત હાજરીમાં કર્મચારીઓ અને વિધાર્થીઓ તેમજ વસાહતી ભાઈ-બહેનો ઉપસ્થિત રહેલ. આ પ્રસંગે માન. કુલપતિશ્રી ડૉ. આર.વી. વ્યાસ દ્વારા પ્રાસંગિક પ્રવચનમાં સૌપ્રથમ તમામને ૭૨માં પ્રજાસત્તાક દિનની શુભેચ્છાઓ પાઠવવા આવેલ. પ્રજાસત્તાક પર્વ એ સ્વરાજ સાથે સુરાજ્ય પ્રસ્થાપિત કરવાનો રાષ્ટ્રીય પર્વ છે તેવું જણાવેલ. દેશની આઝાદી માટે સ્વાતંત્ર્ય સેનાનીઓ તેમજ શહીદોને યાદ કરીને શ્રધ્ધાસુમન અર્પણ કરેલ. દેશની સરહદ પર વિષમ પરીસ્થિતિમાં પણ હમેશાં ખડેપગે રહેતાં જવાનોને બિરદાવેલ. નવી શિક્ષણ નિતી પર વિશેષ ભાર મુકેલ. હાલનાં સમયમાં કોરોના મહામારી સામે ભારત દેશને સફળતા મળી છે તે અંગે જણાવેલ. ઉપરાંત, સરદાર સાહેબના સ્વપ્ન થકી સાકાર થયેલ આણંદ કૃષિ યુનિવર્સિટી દેશની વિવિધ યુનિવર્સિટીના રેન્કીંગ ક્ષેત્રે અગ્ર હરોળનું સ્થાન હાંસલ કરેલ છે જેમાં આઈ.સી.એ.આર. એગ્રીકલ્ચરલ યુનિવર્સિટી રેન્કીંગમાં ૨૪મું સ્થાન અને અટલ રેન્કીંગ ઓફ ઈન્સ્ટીટ્યુશન એન્ડ ઈનોવેશન એચિવમેન્ટમાં ૪થું સ્થાન હાંસલ કરેલ છે. તે ઘણી ગૌરવની બાબત છે. યુનિવર્સિટીના સર્વે અધિકારીઓ, કર્મચારીઓ અને વિધાર્થીઓને યુનિવર્સિટી શિક્ષણ, સંશોધન અને વિસ્તરણ ક્ષેત્રે જે ઝડપથી આગળ વધી રહી છે તેમાં હજુ ઉત્તરોતર વધારો કરે તેવું આહવાન આપેલ. કેપ્ટન પી.એ. ગોહિલ દ્વારા પરેડ કમાન્ડન્ટ તરીકેની ફરજ બજાવેલ. કાર્યક્રમના ઉદઘોષક તરીકેની કામગીરી ડૉ. જે.બી. નાયક દ્વારા કરવામાં આવેલ. સમગ્ર કાર્યક્રમનું આયોજન અને સંચાલન નિયામકશ્રી, વિધાર્થી કલ્યાણ ડૉ. દિનેશ એચ. પટેલ દ્વારા કરવામાં આવેલ હતું.




